ગાંધીનગર સમાચાર

શહેરની હેડ પોસ્ટ ઓફિસમાં સર્વર ડાઉન થતા હોબાળો

# સિવિલના પાર્કીંગમાંથી નાનો બાળક મળી આવ્યો

**પાર્કીંગના કર્મચારીએ પોલીસને જાણ કરી અને સે-૭ પોલીસે ગુમ થયેલા બાળકનો પરિવાર સાથે મેળાપ કરાવ્યો**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલા પાર્કીંગમાંથી સવારના સુમારે અંદાજીત પાંચ વર્ષિય બાળક મળી આવ્યો હતો. આ બાળક સેકટર - ૧૨ માંથી ગુમ થયો હતો અને સિવિલના પાર્કીંગમાં આવી પહોંચ્યો હતો. પાર્કીંગના કર્મચારીએ સમય સુચકતા દાખવીને બાળકને બેસાડી પરિવાર વિશે પુછપરછ કરી હતી.પરંતુ બાળક માત્ર પોતાનું નામ જ બોલતો હતો. પાર્કીંગના કર્મચારીએ શહેરના સે-૭ પોલીસને જાણ કરતા સિવિલ આવીને બાળકને લઈ જઈને તેના પરિવાર અંગે શોધખોળ કરીને માતા પિતા સાથે મેળાપ કરાવ્યો હતો. આ સમાચારની જાણ સિવિલ કેમ્પસમાં થતા ખુશીનો માહોલ સર્જાયો હતો.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવેલા પે પાર્કીંગના કર્મચારી વિજયની નજર સવારના અંદાજીત ૧૦ વાગ્યાના અરસામાં પાર્કીંગમાં આટાફેરા મારતા એક બાળક પર પડી હતી. આ બાળક પાર્કીંગમાં કાર તેમજ બાઈક મુકતા દરેક વ્યકિતની પાછળ દોડતો હતો અને પાછો પાર્કીંગમાં આવી જતો હતો. ત્યારે સમય સુચકતા વાપરીને પાર્કીંગના કર્મચારી વિજયે બાળકને પાસે બોલાવીને પુછપરછ કરી હતી પરંતુ બાળક પોતાનું માત્ર નામ જ બોલી શકતો હતો. ત્યારબાદ સિવિલમાંથી બાળક મળી આવ્યો હોવાથી પાર્કીગ કર્મચારીએ સિવિલ તંત્રને જાણ કરતા તંત્રએ એનાઉન્સ પણ કર્યુ હતુ પરંતુ કોઈ ભાળ મળી નહોતી. ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવી હતી. જયારે સિવિલના તમામ વોર્ડ ઓપીડી સહિતની જગ્યાએ બાળકને લઈને ફર્યા હતા કદાચ બાળકનો પરિવાર મળી જાય પરંતુ તમામ પ્રયત્નો નિરર્થક રહ્યા હતા. બાળકને ભુખ લાગતા પાર્કીગના કર્મચારીઓએ ચા-પાણી નાસ્તો પણ કરાવ્યો હતો. માસુમ બાળકની સેવામાં સિવિલ સ્ટાફ, સિકયુરીટી સહિતના કર્મચારી ખડેપગે રહીને માનવતાની મહેક પ્રસરાવી હતી. સિવિલ ખાતે સે-૭ પોલીસ આવી પહોંચતા બાળકને સોંપ્યો હતો. ત્યારબાદ પોલીસ સ્ટાફે પણ બાળકને પરિવાર સાથે મિલાપ થાય તે દિશામાં ઝડપી શોધખોળ આદરી હતી અને ગણતરીના કલાકોમાં જ બાળકના પરિવારને શોધવામાં પોલીસને સફળતા મળી હતી. સેકટર- ૧૨ માં રહેતા પરિવારનો બાળક હતો અને બાળક પરિવારને સોંપતા માતા પિતાના આંખમાંથી હર્ષના આંસુ સરી પડયા હતા અને તમામ લોકોનો આભાર વ્યકત કર્યો હતો. જયારે બાળક પણ પોતાના પરિવારને જોઈ આનંદથી ઝુમી ઉઠયો હતો. જયારે સિવિલ સંકુલમાં પણ હર્ષની હેલી પ્રસરી ગઈ હતી.

## @ગાંધીનગર

● રાજસ્થાન સમાજ સેવા સમિતિ દ્વારા ગુરૂવારના રોજ સાંજે ૫.૦૦ થી ૮.૦૦ કલાક દરમિયાન રાજસ્થાનનો મુખ્ય તહેવાર 'હોલી ગૈર' (દાંડીયા-રાસ)નો કાર્યક્રમ સેકટર-૨૪ હોલસેલ શાકમાર્કેટ સામેના મેદાન ખાતે યોજાશે.

● સિવિલ ડિફેન્સ યુનિટ (નાગરિક સંરક્ષણ એકમ) ગાંધીનગર દ્વારા સાંજે ૫.૦૦ કલાકે ડો. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય ખાતે વોર્ડન અને પદાધિકારીઓની બેઠક યોજાશે.

● સે-૨૩ કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંકુલના ખિમજી વિશરામ હોલ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે ગૃહ રાજયમંત્રી રજનીકાંત પટેલની ઉપસ્થિતિમાં બીબીએ કોલેજ દ્વારા ટ્રાફીક જાગૃતિ ફરિયાદ નિવારણ કેમ્પ યોજાશે.

# શહેરની હેડ પોસ્ટ ઓફીસમાં સર્વર ડાઉન થતા હોબાળો

ગાંધીનગર, તા.૩૦

રાજયભરમાં અત્યારે હાલના સમયે દરેક વ્યાપાર-ધંધામાં માર્ચ મહિનાની કામગીરી ચાલી રહી છે. દરેક લોકો માર્ચ એન્ડીંગ હોવાથી હિસાબના સરવૈયામાં પડ્યા છે. ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૧૧ ખાતે આવેલ હેડ પોસ્ટ ઓફીસમાં પણ માર્ચ મહિનાને લઈ ભારે ભીડ જોવા મળી હતી. છેલ્લા બે દિવસથી સર્વર ડાઉન હોવાથી નાગરીકોના કામો અટવાઈને પડ્યા છે. આજે સવારે દસ વાગ્યા હોવા છતા પોસ્ટ ઓફીસના દરવાજા બંધ હતા. જયારે કર્મચારીઓ દ્વારા ખરાબ વર્તનને કારણે નાગરીકોમાં રોષ ફેલાયો છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી પોસ્ટ ઓફીસના ધાંધીયા સામે આવી રહ્યા છે. નગરના વિવિધ સેકટરોમાં આવેલ પોસ્ટ ઓફીસના કર્મચારીઓ સર્વર ડાઉન છે તેમ કહીને પોતાની કામગીરીથી હાથ અધ્ધર કરે છે. પોસ્ટ ઓફીસના કર્મચારીઓની દાદીગીરીને કારણે શહેરીજનોમાં રોષ પણ જોવા મળ્યો છે. ત્યારે આજે સેકટર-૧૧ ખાતે આવેલ હેડ પોસ્ટ ઓફીસમાં જ માર્ચ એન્ડીંગ હોવાથી નાગરીકો પીપીએફ વ્યાજની એન્ટ્રી, બચત યોજનાની વિગતો, પાકતી મુદતની થાપણો રિન્યુ કરવા, જયારે ૧ એપ્રીલથી નવા વ્યાજદર લાગુ પડે છે જેને લઈ જુના વ્યાજદરો સાથે રિન્યુ કરવા ગ્રાહકોનો ભારે ધસારો જોવા મળે છે. પોસ્ટની વિવિધ સેવાનો લાભ લેતા નાગરીકો પણ આવતા છેલ્લા બે દિવસથી શહેરની હેડ પોસ્ટ ઓફીસનું સર્વર ડાઉન થઈ જવા પામ્યું છે. ત્યારે આજે સવારથી જ લોકોની ભારે ભીડ હતી અને પોસ્ટ ઓફીસનો ૧૦ વાગ્યાનો ટાઈમ હોવા છતા પોસ્ટ ઓફીસ ના ખુલતા નાગરીકો ભારે મુસીબતમાં મુકાયા હતા. સેન્ટ્રલ કર્મચારીઓ એ પોતાની જોહુકમી અને મોનોપોલીનું પ્રદર્શન કર્યુ હોય તેવું લાગતું હતું. જયારે રાહ જોવડાવ્યા બાદ અચાનક કર્મચારીઓએ દરવાજો ખોલતા નગરના સિનિયર સિટીઝન ધક્કે ચડયા હતા. પોસ્ટ ઓફીસના દરવાજા ખુલ્યા બાદ પણ કર્મચારીઓ દ્વારા યોગ્ય જવાબ ન મળતા અને ખરાબ વર્તનનો ભોગ નાગરીકોએ બનવું પડયું હતું જેને લઈ નાગરીકોમાં પણ રોષ જોવા મળ્યો હતો.

પોસ્ટની કામગીરીને લઈ પણ અનેક સવાલો ઉભા થવા પામ્યા છે. નાગરીકોમાં હેડ પોસ્ટ ઓફીસમાં જ ગમે તેવા જવાબો મળતા અસંતોષની લાગણી જન્મી છે.




## વાતવાતમાં

● સેકટર-૧માં તળાવની ફરતે બનાવાયેલ વૉક વેની વચ્ચે પાણીના નિકાલની વ્યવસ્થા આવી જતી હોવાથી વોકર્સ આખા તળાવનું રાઉન્ડ પુરું કરી નહોતા શકતા. આ અંગે ઉઠેલી માંગને અનુલક્ષીને ત્યાં પગથિયા બનાવાયા છે. જેના કારણે તળાવની પ્રદક્ષિણા પુરી કરી શકાશે.

● સિવિલ હોસ્પિટલમાં છેલ્લા આશરે પંદરેક દિવસથી આઈઆઈટીવી મશીન બંધ હોવાથી ઓર્થોપેડિક ઓપરેશન્સ થઈ શકતા નથી. ઈમેજ ઈન્ટેવસીફાય ટેલિવિઝનથી ઓળખાતા આ મશીનના બંધ હોવાને કારણે છેલ્લા પખવાડિયામાં આશરે ૫૦ જેટલા ઓર્થોપેડિક ઓપરેશન મુલત્વી રહ્યાં છે.

● સેકટર-૧૧ની મુખ્ય પોસ્ટ ઓફિસ ખાતે 'સર્વર ડાઉન' થવાની ઘટના ખૂબ સામાન્ય બની ગઈ છે જેના કારણે ગ્રાહકોને ભારે પરેશાની ભોગવવી પડી રહી છે. સે-૧૧ સહિત શહેરની મોટા ભાગની પોસ્ટ ઓફિસમાં આ સમસ્યા વારંવાર સર્જાતી હોઈ ગ્રાહકોને કર્મચારીની દાનત પર શંકા જઈ રહી છે.

● ગાંધીનગરની મેડિકલ કોલેજ ખાતે આસીસ્ટન્ટ પ્રોફેસર, એસોસિએટેડ પ્રોફેસર તથા પ્રોફેસર વગેરેની ભરતી પ્રક્રિયા ચાલી રહી છે. આ ભરતી પ્રક્રિયા આરોગ્ય વિભાગ દ્વારા રાજયભરની મેડીકલ કોલેજ માટે હાથ ધરવામાં આવી છે.

● માર્ચના અંતિમ દિવસોમાં ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરવા માટે ચાટર્ડ એકાઉન્ટન્ટ તથા એકાઉન્ટનું કામ કરતા પ્રોફેશનલ્સ ના કાર્યાલયો મોડી રાત સુધી ચાલી રહ્યા છે. છેલ્લી ઘડીએ ઈ-રીટર્ન ભરવા માટે 'લોડ' વધી જતા વેબસાઈટ 'સ્લો' પડવાની બૂમ પણ સાંભળવા મળી હતી.

## ગાંધીનગર બાર એસોસીએશન દ્વારા ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

બાર કાઉન્સીલ ઓફ ગુજરાત દ્વારા આયોજીત લીગલ સેમિનાર ૨૦૧૬ના તમામ વકીલમિત્રોના આભાર માટે ગાંધીનગર બાર એસોસીશન દ્વારા બારરૂમમાં ક્રિકેટ ટુર્નામેન્ટ, ચેસ ટુર્નામેન્ટ અને કેરમ ટુર્નામેન્ટની વિજેતા ટીમોને ટ્રોફી તથા ઈનામ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગાંધીનગરના ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ એ.સી. રાવ તથા શ્રી ભોજકની અધ્યક્ષતામાં તથા મુખ્ય મહેમાન ગોપીનાથભાઈ અમીન ચેરમેન-બાર કાઉન્સીલ તથા કરણસિંહ વાઘેલા મેમ્બર બાર કાઉન્સીલ દ્વારા યોજાયેલા કાર્યક્રમમાં ક્રિકેટમાં વિજેતા ટીમ 'જય માતાજી' ક્રિકેટ ટીમને ટ્રોફી આપામાં આવી હતી. આ તબક્કે લીગલ સેમિનારના કન્વીનર અને ટુર્નામેન્ટના તમામ ઈનામોના દાતા કરણસિંહ વાઘેલાને જિલ્લાના વકીલો માટે સેમિનારનું સફળ આયોજન કરવા બદલ અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી. આગામી સમયમાં વકીલો માટે રચનાત્મક પ્રવૃત્તિઓ તથા કાર્યક્રમ કરવા માટેની જાહેરાત કરવામાં આવી હતી. જિલ્લાના તમામ વકીલોનો આભાર માનવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં બારના પ્રમુખ જગદીશસિંહ વાઘેલાએ તમામ કારોબારીને શુભેચ્છા પાઠવી હતી.

# પાણી-ગટર વેરો ભરવા લાઈનો લાગી

**છેલ્લી ઘડીએ વેરો ભરવા લાગેલી લાઈનોના કારણે તુ તુ મૈં મૈં ના દશ્યો સર્જાય છે**

ગાંધીનગર, તા.૩૦

શહેરમાં માર્ચ એન્ડિંગ સાથે નાણાંકીય વર્ષનું સમાપન થઈ રહ્યું હોઈ પાણી-ગટર વેરની વસૂલાત માટે વિવિધ કેન્દ્રો કાર્યરત કરાયા છે. આ કેન્દ્રો પર છેલ્લી ઘડીએ વેરો ભરવા માટે નગરજનોની લાંબી લચ્ચક લાઈનો લાગે છે અને જેના કારણે બોલાચાલી અને તુ તુ મૈં મૈં ના દશ્યો પણ સર્જાઈ રહ્યા છે. જો કે દર વર્ષે તા. ૩૧મી માર્ચ પહેલા વેરો જમા કરાવનારને વળતર આપવામાં આવે છે તેમ છતાં વેરા વસૂલાતની કામગીરી નબળી પુરવાર થઈ રહી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

પાટનગર યોજના ભવન, સે-૨૪, સે-૩-ડી સહિત વેરા વસૂલાત માટે કેન્દ્રો ચાલુ કરાયા છે. જયાં પાણી ગટર વેરો ભરવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે. આ વર્ષે શહેરના ૨૬ હજાર જેટલા ગટર-પાણીના જોડાણોના વેરાના બીલોની વહેંચણીમાં પણ ગરબડ થતા ત્રણ ત્રણ વાર બીલોની વહેંચણી કરવી પડી હતી. આશરે સવા બે થી ત્રણ કરોડની રકમ જેટલી વેરાની વસૂલાત કરવાની થાય છે પરંતુ દર વર્ષે માંગણાની સામે આશરે ૫૦ ટકા જેટલી વેરા વસૂલાતની કામગીરી થતી હોય છે. વધુને વધુ વસૂલાત કામગીરી થાય તે માટે તા. ૩૧મી માર્ચ પહેલા વેરો ભરનારને રાહત પણ આપવામાં આવે છે. આમ છતાં વેરા વસૂલાતની કામગીરી નબળી રહેવા પામે છે. ખાસ કરીને શહેરી વિસ્તારના ગામોમાં પાણી-ગટર વેરો ભરવા બાબતે ઉદાસીનતા વધુ જોવા મળે છે. આજે સે-૩ ખાતે ડ્રેનેજ ઈન્કવાયરી ખાતે વેરો ભરવા માટે લાગેલી લાંબી લાઈનોમાં નાની મોટી તકરારનો માહોલ જોવા મળ્યો હતો.

## ફાર્મસી કોલેજમાં વિવિધ વિષયે સર્ટિફિકેટ કોર્સ યોજાયા

ગાંધીનગર, તા.૩૦

સેકટર-૨૩ સ્થિત કે.બી. ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ ખાતે ફાર્મસીની વિવિધ શાખાઓમાં બે દિવસીય સર્ટીફીકેટ કોર્ષનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતની અગ્રગણ્ય કંપનીના અને શૈક્ષણિક સંસ્થાના તજજ્ઞો દ્વારા માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. આ કોર્સ જીસીપી, કયુબીડી તથા સેલલાઈન વિષયે યોજવામાં આવ્યો હતો. આ કોર્ષમાં ગુજરાતની ફાર્મસી કોલેજના ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સર્ટીફીકેટ કોર્ષને સફળ બનાવવામાં સંસ્થાના પ્રિન્સીપાલ વિભાગીય વડાઓ તેમજ કર્મચારીગણે જહેમત ઉઠાવી હતી.

# એજયુકેશન ઈનોવેશન ફેરનું સમાપન

**રાજયભરમાંથી ૧૦૮ ઈનોવેટિવ શિક્ષકોની કૃતિઓ રજુ કરાઈ : ભારતમાં પ્રથમવાર એજયુકેશન ઈનોવેટિવ ફેર યોજાયો**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં યોજાયેલ રાજય કક્ષાના શૈક્ષણિક ઈનોવેશન ફેરનું આજે સમાપન થયું હતું. આ ઈનોવેશન ફેરમાં રાજયભરની સરકારી પ્રાથમિક શાળાઓમાંથી કુલ ૧૦૮ જેટલા ઈનોવેશન્સ પ્રસ્તુત કરાયા હતા. પ્રદર્શનમાં રજૂ કરાયેલા ઈનોવેશન્સ માટે જિલ્લાના દીઠ ૩ ઉત્તમ કૃતિઓની પસંદગી કરી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.



જીસીઈઆરટી દ્વારા સે-૧૭ના ટાઉનહોલ ખાતે તા. ૨૯ અને ૩૦મી માર્ચ દરમિયાન રાજયકક્ષાના શૈક્ષણિક ઈનોવેશન ફેરનું આયોજન કરાયું હતું. રાજયભરની પ્રાથમિક શાળામાં શિક્ષણની ગુણવત્તા સુધારવા, શાળામાં ટ્રોપ આઉટ રશિયો ઘટે તથા કોઈ પણ બાળક પ્રાથમિક શિક્ષણ વગર રહી ના જાય તે હેતુને સિધ્ધ કરવા શિક્ષકો દ્વારા લેવાયેલ ઈનોવેટિવ પગલાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ભારતમાં રાજયકક્ષાનો એજયુકેશન ઈનોવેશન ફેર પ્રથમવાર ગાંધીનગરમાં યોજાયો હતો. આ પ્રદર્શનમાં ગુજરાતના તમામ જિલ્લાઓમાંથી શ્રેષ્ઠ કૃતિઓને પસંદ કરી કુલ ૧૦૮ કૃતિઓ રજુ કરાઈ હતી. પ્રદર્શનનું ઉદઘાટન શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજયકક્ષાના શિક્ષણમંત્રી નાનુભાઈ વાનાણીની ઉપસ્થિતિમાં કરાયું હતું. ઈનોવશન ફેરના સમાપન પ્રસંગે પ્રોજેકટ રજૂ કરનાર શિક્ષકોને તેમના સ્ટોલ પર જઈ જીસીઆરટીઈના હોદ્દેદારોએ પ્રમાણપત્ર તથા સ્મૃતિ ચિહ્ન એનાયત કર્યા હતા.

## રવિવારે દત્ત બાવનીના બાવન પાઠનું આયોજન

ગાંધીનગર, તા.૩૦

શ્રી રંગ અવધૂત પરિવાર ગાંધીનગર દ્વારા આગામી તા. ૩જી એપ્રિલને રવિવારના રોજ સવારના ૭.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન પાણી પુરવઠાના નિવૃત્ત અધિક્ષક મણિભાઈ પટેલના ધર્મપત્ની ડાહીબેન પટેલની પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિ નિમિત્તે પ્લોટ નં. ૯૫૨/૧, સેકટર-૨-એ ખાતે દત્ત બાવનીના બાવન પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. નગરના તમામ ભાવિક ભકતોને લાભ લેવા પ્રમુખ નવનીતભાઈ પાઠકે જણાવ્યું છે.

# સે-૨૧માં થયેલી મારામારીની તપાસમાં પોલીસની ઢીલી નીતી

**આરોપીઓ બિન્દાસ્ત ફરતા હોવા છતાં પોલીસ ધરપકડ નહી કરતી હોવાના આક્ષેપ : આઈજીપીને રજુઆત**

ગાંધીનગર, તા.૩૦

શહેરના સેકટર-૨૧ સ્થિત ઓમકાર પાન પાર્લર આગળ જૂની અદાવત રાખી બોરીજ ગામના રબારી યુવાનોએ તેજ ગામના બે ડાભી (દરબાર) યુવાનોને ઢોર માર મારી ઈજાઓ પહોંચાડી હતી. જે મામલે બંને ઘાયલ યુવાનોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ મામલે સે-૨૧ પોલીસમાં મારામારીનો ગુનો નોંધાયો હતો. પરંતુ આજ દિન સુધી આરોપીઓ સામે કોઈ જ કાર્યવાહી થઈ નથી. પોલીસની આ ઢીલી નીતિ સામે બે દિવસ અગાઉ ડાભી સમાજની મહિલાઓએ જિલ્લા પોલીસ વડાને લેખિતમાં આરોપીઓ સામે કાર્યવાહી કરવા રજૂઆત કરી હતી. તેમ છતાં કોઈ પગલા લેવાયા નથી. આમ સે-૨૧ પોલીસની ઢીલી અને પક્ષપાતી નીતિનો આક્ષેપ રાજપુત યુવા વિકાસ પરિષદના સભ્યોએ કર્યો હતો અને બિન્દાસ ફરતા આરોપીની સામે તુરંત કાર્યવાહી કરવામાં આવે તેવી લેખિતમાં રજુઆત જિલ્લા પોલીસ વડાને કરી હતી.

# શહેરમાં ભરવાના ઘઉંની બોરીઓ ખડકાઈ

**ઘઉંનું મબલખ ઉત્પાદન છતા ભાવો ઉંચા, મશીનકટ વિણાટ વગરના ઘઉં ગૃહિણીઓની પ્રથમ પસંદગી, ઘઉંના નમુના માટેની દોડધામ**

ગાંધીનગર, તા.૩૦

બારમાસ માટે ભરવાના થતા ઘઉંનું શહેરમાં વિપુલ માત્રામાં આગમન થઈ ચુકયું છે. જુદી જુદી જાતના ઘઉંના નમુના મેળવવા હાલ વેપારીઓને ત્યાં ગૃહિણીઓની દોડધામ વધી ગઈ છે. ઘઉંનું રાજયમાં વિપુલ ઉત્પાદન છતાં ભાવો ઉંચા રહ્યા છે. છતાં પણ મશીન કટ વિણાટ વગરના ઘઉં ગૃહિણીઓની પ્રથમ પસંદગી બની છે. પચીસ અને પચાસ કિલોના વજનની આકર્ષક બોરીઓમાં વેપારીઓના ત્યાં ઘઉંનો જથ્થો ખડકાઈ ગયો છે. ઘઉં એ દરેક ઘરની જરૂરિયાત હોવાથી તમામ માલનું વિતરણ થઈ જવાની સંભાવનાથી વેપારીઓએ પણ સારો એવો સ્ટોક કરી નાંખ્યો છે.

ઘઉં બાબતની ચર્ચાઓ હાલમાં



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

નગરના ખુણે ખુણે કેન્દ્ર બિંદુ બની છે. વિવિધ જાતોમાં ઉપલબ્ધ ઘઉં નગરના બજારમાં ઉપલબ્ધ બન્યા છે. જેથી અડોશ-પડોશ, સગા વ્હાલા સહિતની એક બીજાની પૂછપરછને અંતે ઘઉંની પસંદગી થઈ રહી છે. જેમાં ચારસો છન્નુ, લોકવન, બસો તોતેર, ભાલીયા ઘઉં માર્કેટમાં જોવા મળી રહ્યા છે. મશીનકટ સોર્ટેક્ષ ઘઉંની માંગ સૌથી વધુ હોય છે કારણ કે પોલીશ સાથે સાફ સફાઈ કરેલા ઘઉં હોય છે. ફેકટરીમાંથી તૈયાર થઈને આવતા ઘઉંના અલગ અલગ માર્કા હોય છે જેમ કે બંસરી, જય ભારત, મસ્તમસ્ત, ગૃહલક્ષ્મી, લાડકી, કિશ્ના વગેરે નામો અપાય છે. રાજયભર અને બહારના રાજયોમાં ઘઉંનું મબલખ ઉત્પાદન થયેલ છે પરંતુ ઉતારો બરાબર ન હોવાનું કારણ ધરી વિવિધ બ્રાન્ડમાં તબદીલ કરી ભાવો ઉંચા કરી દેવાય છે.

ઘઉંના હાલ ૪૫૦થી ૬૦૦ સુધીના વેપારી ભાવ બોલાય છે. ગત વર્ષ કરતા લગભગ વીસ ટકા ભાવ ઉંચા હોવાનો અંદાજ બેસે છે. વધુમાં ખેતીવાડી ઉત્પન્ન બજારમાં હરાજીમાં ૨૫૦ થી ૪૦૦ સુધીના ભાવો ખેડૂતોને ચુકવાય છે જેની સાફ સફાઈ અને આકર્ષક પેકીંગ થઈ જતા આ ભાવમાં ૨૦૦ થી ૨૫૦નો વધારો થઈ જતો હોય છે. તમામ પરિબળો વચ્ચે શહેરીજનો ઘઉં ભરવાની મથામણમાં પડયા છે અને બજારમાંથી ઘઉંના નમુના મેળવાય છે. મધ્યમવર્ગની પસંદગી મહેનત કરવાની તૈયારી સાથેની હોય છે જેથી ઘરે વિણાટ કરી મોંઈને ભરવા સુધી ઘઉં ઓછા ભાવે મળે તેવા પ્રયત્નો કરે છે જયારે શ્રીમંત ઘરોમાં તૈયાર ઘઉંને સીધા લાવી ભરવામાં જ સાનુકુળતા સમજે છે. આમ ઘઉંની બારમાસ ભરવાની સિઝન પૂરબહારમાં ખીલી ઉઠી છે.

## પંજાબ પરાઠા હાઉસમાં દારૂ પહોંચાડનાર શખ્સ ઝડપાયો

**કોલવડાના બુટલેગરે એક પેટી દારૂ હોટલમાં પહોંચાડયો હતો**

ગાંધીનગર, તા.૩૦

ઈન્ફોસીટી ખાતે સ્થિત પંજાબ પરાઠા હાઉસમાંથી ઈન્ફોસીટી પોલીસે થોડા દિવસો અગાઉ વિદેશી દારૂની એક પેટી પકડી પાડી હતી. કોઈએ પાર્ટી માટે દારૂ મંગાવતા હોટલ સંચાલકે કોલવડાના બુટલેગર પાસેથી દારૂ મંગાવ્યો હતો. બુટલેગર દારૂ મુકી ગયો ને ત્યાર બાદ પોલીસની રેડ પડી હતી. તે સમયે દારૂ સાથે બે શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી. દારૂ સપ્લાય કરનાર કોલવડાનો બુટલેગર ફરાર હતો આજે પીએસઆઈ એમ.એચ. સોલંકીએ વોન્ટેડ બુટલેગર પુનમ વરવા રાવળની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર પોપટજી મથુરજી, ઉ.વ.૪૫
- સ્વ. સલાટ સોનજીભાઈ નાથાભાઈ, ઉ.વ.૮૫
- સ્વ. સુરેશચંદ્ર ગોરધનદાસ પટેલ, ઉ.વ.૬૯
- સ્વ. પટેલ શશીકાન્ત ભોગીલાલ, ઉ.વ.૫૦
- સ્વ. પટેલ મનીષાબેન કીરીટભાઈ, ઉ.વ.૪૦
- સ્વ. સવાજી ફૂલાજી વણઝારા, ઉ.વ.૮૦